નં:- ઓએન્ડએમ/સીઆઈઆર/જીઆઈડીસી/
જીએસએફસી/પોલીસી/૩૭/૧/૩૫
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર.
તા. ૨૧/૮/૨૦૦૯.

**// પરિપત્ર //**

વિષય:- જીઆઈઆઈસી/જીએસએફસી ધ્વારા નિગમની વસાહતોમાં આવેલ એકમ હરાજીથી નિકાલ કરવામાં આવે તે સમયે હાથ ધરવાની કાર્યવાહી બાબત.

સંદર્ભ:- (૧) ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક-જીએસએફસી/જીઆઈઆઈસી/૧૦૨૦૦૩/૧૭૧૧/પી તા.૭/૨/૨૦૦૪.
(૨) ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક-જીએફસી (જીઆઈઈસી)/૧૦૨૦૦૩/૧૭૧૧/પી તા.૫/૯/૦૫.
(૩) અત્રેના પરિપત્ર ક્રમાંક-ઓએન્ડએમ/સીઆઈઆર/જીઆઈડીસી/જીએસએફસી/પોલીસી/૩૭/૧ તા.૨૫/૨/૦૫.

ગુજરાત ઔદ્યોગિક મુડી રોકાણ નિગમ કે ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ તરફથી ઔદ્યોગિક એકમને સ્થાપના માટે મુદતી ધિરાણ કે વિકાસ માટે અન્ય કોઈ પ્રકારે ધિરાણ આપવામાં આવ્યું હોય અને આવા ધિરાણની મુદ્દલ અને વ્યાજની રકમ પરત ચુકવણીમાં એકમ નિષ્ફળ જાય તેવા પ્રસંગોએ સ્ટેટ ફાઈનાન્સીયલ કોર્પોરેશન એકટની કલમ-૨૯ હેઠળ તેઓને ઉપલબ્ધ સત્તાની રૂએ એકમનો કબજો સંભાળી જાહેર હરાજી ધ્વારા આ નિગમો તેઓના બાકી લેણાંની વસુલાત કરે છે. આવા પ્રસંગોએ અન્ય સંસ્થા, નિગમ કે એકમોના બાકી લેણાં અંગે કઈ રીતે કાર્યવાહી કરવી તે બાબતે સ્થાયી સૂચનાઓ સરકારશ્રીના ઉપરોકત સંદર્ભ-૧ અને ૨ થી પાઠવવામાં આવેલ છે.

ગુજરાત ઔદ્યોગિક મુડી રોકાણ નિગમ કે ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ તરફથી જયારે ઔદ્યોગિક એકમોને નાણાંકીય સહાય પુરી પાડવામાં આવે તેવા પ્રસંગોએ તેઓ મિલ્કત મોર્ગેજ મેળવે છે.

જીએસએફસી/જીઆઈઆઈસી ધ્વારા કબજે લીધેલ ઘણીબધી મિલ્કતનો વેચાણ વગર તેમની પાસે પડેલી હતી. જુના બાકી લેણાંની મોટી રકમો હોવાથી કોઈપણ ખરીદનાર મિલ્કતોને ખરીદવા તૈયાર થતા નથી જેના કારણે મિલ્કતો વેચાતી ન હતી તેમજ તેના પર સિકયોરીટી અને અન્ય ખર્ચ જીએસએફસી/જીઆઈઆઈસીએ ભોગવવું પડતું હતું. વર્ષો સુધી મિલ્કતને રાખવી પડતી હોવાને કારણે તેની કિંમતમાં પણ ઘટાડો થતો હતો. તેથી આ

પાડેલ છે.

સરકારશ્રીના ઉપરોક્ત બન્ને ઠરાવોની જોગવાઈ અનુસાર આવા પ્રકારની મિલ્કતો ઉપરની તમામ લ્હેણી રકમ તબદીલી સમયે મુલત્વી રાખી પ્રોરેટાના ધોરણે વસુલ કરવાની કાર્યવાહી વડી કચેરી ખાતેથી કરવી. ક્ષેત્રિય કચેરી ધ્વારા આવા પ્રકારની તબદીલીની દરખાસ્ત કરતા સમયે લ્હેણી રકમની વિગતે માહિતી સાથેની દરખાસ્ત જરૂરી નિર્ણય થવા અર્થે જનરલ મેનેજરશ્રી (વિતરણ) મારફતે ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને રજુ કરવાની રહેશે.

આ પરિપત્રનો અમલ સરકારશ્રીના ઉપરોક્ત ઠરાવની તારીખ બાદના કિસ્સાઓને લાગુ પડશે. અગાઉ નિર્ણિત થયેલ કેસો પુનઃ ઉખેડવાના રહેશે નહિ.

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્ત અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર (વિતરણ) ને પાઠવવી.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

(૧) નિગમના તમામ અધિકારીઓ તરફ.

(૨) ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારું.

(૩) નિગમના તમામ માન્ય એસોસીએશન તરફ જાણ સારું.

રવાના કર્યું,

મેનેજર (મહેકમ).